**ક્રિમીનલ કેસ નં. ૧૦૯૫૧૮/૧૯**

**ક્રિ.પ.અ. નં.૪૨૫૨/૨૦૨૫ના કામે આરોપીની જામીન અરજી લગત હુકમ.**

**૧)** જામીન અરજી તથા રેકર્ડ ધ્યાને લીધુ, બંન્નેપક્ષના વિ.વ.શ્રીઓને સાંભળ્યા,

**૨)** આ કામના આરોપીઓ મુદત તારીખે હાજર નહી રહેતા આરોપીઓ સામે બીન જામીન લાયક વોરંટ કાઢવાનો હુકમ કરવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીઓને આજરોજ અત્રેની અદાલત સમક્ષ રજુ અટક કરી રજુ કરતા પોલીસ વિરૂધ્ધ કોઈ ફરીયાદ ન હોઈ આરોપીઓને જયુડી. કસ્ટડીમાં લેવામાં આવેલ છે તે બાદ તહોમતદારો તર્ફે વિ.વ.શ્રી બી.એચ.શાહ નાઓ ધ્વારા હાલની જામીન અરજી રજુ કરી દલીલ કરેલ છે કે, સદર બંન્ને આરોપીઓ પતિ પત્ની છે અને તેમના પતિ સીનીયર સીટીઝન હોય અને તેઓ નાસી ભાગી જાય તેમ ન હોય તેમજ સદર કેસની મુદત તા.૨૨/૦૪/૨૦૨૫ની હોય તે મુદતે તેમજ ત્યારબાદની મુદતે અચુક હાજર રહેશે તેમજ નામદાર કોર્ટ જે શરતોને આધિન તહોમતદારોને જામીન મુકત કરશે તે તમામ શરતોનુ તહોમતદારો પાલન કરશે તેવી બાંહેધરી આપીએ છીએ જેથી તેઓને જામીન મુકત કરવા વિનંતી કરેલ છે.

**૩)** ફરિયાદપક્ષ તર્ફે તેમના વિ.વ.શ્રી એ.કે. ચાવડાનાઓએ સખત વાંધો લીધેલ છે અને તેઓએ સદર જામીન અરજીમાં શેરો કરેલ છે કે, સદર કામમાં રેકર્ડ ઘણુ જુનુ છે અને આરોપીઓ હાજર રહેતા ન હોઈ અને નામદાર કોર્ટમાં તા.૦૪/૦૭/૨૦૨૩ના રોજ વોરંટ રદ કરાવેલ અને ત્યારબાદ નામદાર કોર્ટ સમક્ષ હાજર રહેલ ન હોય આશરે ૨ વર્ષ જેટલો સમય હાજર રહેલ ન હોય જેથી જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

**૪)** બંન્ને પક્ષોના વિ.વ.શ્રીઓની વિધ્વતા ભરી દલીલો સાંભળી, આ કામે એ હકીકત છે કે, હાલના બંન્ને તહોમતદારો કે જેઓ સને–૨૦૨૩ થી અત્રેની અદાલત સમક્ષ હાજર રહેલ નથી પરંતુ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ધ્યાને લેતા વધુમાં વધુ ૨ (બે) વર્ષની જોગવાઈની સજા હોય અને સમન્સ ટ્રાયેબલ કેસ હોય તેવા સંજોગોમાં સદર તહોમતદારોને યોગ્ય શરતોને આધિન જામીન મુકત કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેમજ તહોમતદારોને જો જામીન મુકત કરવામાં ન આવે તો પ્રિ–ટ્રાયલ કન્વીકશન ગણાશે તેમ અત્રેની અદાલતનુ માનવુ હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવમાં આવે છે.

**–: હુકમ :–**

સદર બંન્ને આરોપીઓએ વ્યકિતગત રીતે **રૂપિયા ૩૦,૦૦૦/–(અંકે રૂપિયા ત્રીસ હજાર પુરા) પુરાના જામીન તથા તેટલીજ રકમના જાતમુચરકો રજુ કર્યેથી** હવે પછીની મુદત તારીખે નિયમીત હાજર રહી કેસની કાર્યવાહી આગળ ચલાવવાની શરતે તથા આરોપીઓએ તથા જામીનદારે તેમનુ કાયમી તથા હાલનુ સરનામુ જાહેર કરવાની શરતે જામીન મુકત કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

તા.૧૯/૦૪/૨૦૨૫.
અમદાવાદ.

**(હર્ષિત ડાહયાભાઈ પટેલ)**
**ઈન્ચાર્જ/ ૧૭માં એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
**અમદાવાદ શહેર.**